Pursuant to SEBI circular No. SEBI/HO/MIRSD/MIRSD-PoD/P/CIR/2025/97 dated July 02, 2025, SEBI has decided to open a special window for a period of six months from July 07, 2025 to January 06, 2026 for only re-lodgment of transfer deeds by physical shareholders that were lodged prior to the deadline of April 01, 2019 and rejected/returned due to deficiencies in the documents. Any transfer deeds which were lodged after deadline of April 01, 2019 and rejected by the Company shall not be entertained by the Company.

Accordingly, in compliance to the said SEBI Circular, Notice is hereby given to the eligible physical shareholders of Gujarat Narmada Valley Fertilizers & Chemicals Limited to re-lodge share transfer deeds for transfer of shares on or before January 06, 2026 and the share re-lodged for transfer will be processed only in dematerialized form after following due process prescribed by SEBI.

Eligible shareholder may submit their transfer requests along with the requisite documents to the Company's Registrar and Share Transfer agent (R&TA) at KFIN Technologies Limited, Unit Gujarat Narmada Valley Fertilizers & Chemicals Limited, Selenium Building, Tower-B, Plot No. 31 & 32, Financial District, Nanakramguda, Serilingampally, Hyderabad, Rangareddy, Telangana, India – 500 032 or E-mail at einward.ris@kfintech.com.

For GUJARAT NARMADA VALLEY FERTILIZERS & CHEMICALS LIMITED
Sd/-
Rajesh Pillai
Company Secretary

Place : Bharuch
Date : September 22, 2025

पंजाब नैशनल बैंक punjab national bank

Ankleshwar Branch, Gujarat Shop No.17-18, Omkar-2 Complex, GIDC, Ankleshwar- 393002

Appendix-IV [See Rule 8(1)] **PHYSICAL POSSESSION NOTICE** (For immovable Property)

Whereas, The undersigned being the authorized officer of the **Punjab National Bank Branch: Ankleshwar-Gujarat Shop No.17-18, Omkar-2 Complex, GIDC, Ankleshwar- 393002** under the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 (Act No. 54 of 2002) and in exercise of powers conferred under section 13 (12) read with rule 3 of the Security Interest (Enforcement) Rules, 2002 issued a **Demand Notice Dated 31.01.2025** Calling upon the Borrower **Mr. Dilip Dwarika Shah Co- Borrower Mrs. Rita Devi Dilip Shah** to repay the amount mentioned in the notice being **Rs.11,28,954.90 (Rupees Eleven Lakh Twenty Eight Thousand Nine Hundred Fifty Four and Paise Ninety Only) as on 30.01.2025** within 60 days from the date of receipt of the said notice with future interest and incidental charges w.e.f. 30.01.2025.
The borrower having failed to repay the amount, notice is hereby given to the borrower/ Guarantor and the public in general that the undersigned has taken possession of the property described herein below in exercise of powers conferred on him/her under section 13(4) of the said Act read with rule 8 of the Security Interest (Enforcement) Rules, 2002 on this **17th Day of September of the year 2025.**
The borrower/ Guarantor in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealings with the property will be subject to the charge of the **Punjab National Bank Branch: Ankleshwar-Gujarat Shop No.17-18, Omkar-2 Complex, GIDC, Ankleshwar-393002** for an amount **Rs.11,28,954.90 (Rupees Eleven Lakh Twenty Eight Thousand Nine Hundred Fifty Four and Paise Ninety Only)** as on 30.01.2025 within 60 days from the date of receipt of the said notice with future interest and incidental charges w.e.f. 30.01.2025.
The borrower's attention is invited to provisions of sub-section (8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.

SCHEDULE OF IMMOVABLE PROPERTY

All that piece and parcel of land bearing Plot No. 126 known as Gopinath Row House admeasuring area 58.53 Sq. Mtrs bearing Revenue Survey No. 87/1-2-3 admeasuring area 26608.00 Sq. mtrs. Paiki 87/1 admeasuring area 8890.00 Sq. mtrs. paiki Village Gadkhol Taluka Ankleshwar Dist Bharuch standing in the name of Mr. Dilip Dwarika Shah (Borrower) and Mrs. Rita Devi Dilip Shah (Co-Borrower). Boundaries: East: Plot No. 127, West: Plot No. 125, North: Plot No. 151, South: Internal Road of Society.

Date:17.09.2025 - Place: Ankleshwar **Authorised Officer - Punjab National Bank**

Navigate markets with focused insight.

Get daily sector trends, market movers, and sharp insights — *every day* with **The Compass** in Business Standard.

To book your copy, SMS **reachbs** to **57575** or email **order@bsmail.in**

Business Standard
Insight Out

નવ દિવસ સુધી માતાજીના વિવિધ સ્વરૂપોની આરાધના

આજથી આસોની નવરાત્રિનો આરંભ શુભ મુહૂર્તમાં ઘટનું સ્થાપન કરાશે

વડોદરા, તા.૨૧

શક્તિ સાધનાનો મહાન તહેવાર શારદીય નવરાત્રિ ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ સોમવારથી શરૂ થશે. આ વખતે શારદીય નવરાત્રિ ખૂબ જ ખાસ માનવામાં આવે છે. આ વર્ષે દેવી માતા હાથી પર સવાર થઈને આવી રહ્યાં છે, જે શુભ, સુખ અને સમૃદ્ધિનું પ્રતીક માનવામાં આવે છે. આ વર્ષે નવરાત્રિનું સમાપન ૦૨ ઓક્ટોબર, ગુરુવાર, આસો વદ ૧૦ના રોજ થશે. દેવી તંત્ર અને કાલી વિલાસ તંત્ર ગ્રંથ મુજબ, શ્રવણ નક્ષત્રમાં ઘટઉત્થાપન કરવું હિતાવહ છે. ધાર્મિક વિધિઓ અને પૂજા માટે પરંપરા અને સ્થાનિક માર્ગદર્શનનું પાલન કરવું હંમેશા હિતાવહ છે.ઘટ સ્થાપનાના મુહૂર્તમાં સવારે ૬.૧૭ થી ૭.૪૭,સવારે ૯.૧૮ થી ૧૦.૪૯ અને બપોરે ૨ થી ૬.૨૨ સુધીનો છે.નવરાત્રિના પહેલા દિવસે માતા શૈલપુત્રીની પૂજા થાય છે. માતા શૈલપુત્રી હિમાલય રાજનાં પુત્રી છે. માનાં સ્વરૂપની સવારી નંદી છે. તેમનાં જમણા હાથમાં ત્રિશૂળ અને ડાબા હાથમાં કમળ છે.

નવરાત્રિના બીજા દિવસે માતા બ્રહ્મચારિણીની પૂજા કરવામાં આવે છે. માતા બ્રહ્મચારિણી માતા દુર્ગાનું જ સ્વરૂપ છે.

નવરાત્રિના ત્રીજા દિવસે માતા ચંદ્રઘંટાની પૂજા થાય છે.

નવરાત્રિના ચોથા દિવસે માતા કુષ્માન્ડાની પૂજા કરવાનો મહિમા છે. નવરાત્રિના પાંચમાં દિવસે માતા સ્કંદમાતાની પૂજા થાય છે. માતા પાર્વતીના પુત્ર કાર્તિકેયનું એક નામ સ્કંદ પણ છે અને આ કારણે તેમને સ્કંદમાતા તરીકે પણ ઓળખવામાં આવે છે. માતાનાં આ સ્વરૂપમાં ચાર ભુજાઓ છે. અને માતા-પુત્ર સિંહની સવારી કરે છે.

નવરાત્રિના છઠ્ઠા દિવસે માતા કાત્યાયનીની પૂજા કરવામાં આવે છે. માતા કાત્યાયની દુર્ગા માતાનું ઉગ્ર સ્વરૂપ છે અને એ સાહસનું પ્રતીક છે. આ માતાની સવારી સિંહ પર હોય છે અને તેમની ચાર ભુજાઓ છે. નવરાત્રિના સાતમા દિવસે માતા કાલરાત્રિની પૂજા કરવામાં આવે છે. આ માતાનું રૌદ્ર સ્વરૂપ છે.

નવરાત્રિના આઠમાં દિવસે માતા મહાગૌરીની આરાધના કરવામાં આવે છે. માતાનું આ રૂપ શાંતિ અને જ્ઞાનનું પ્રતીક છે.

નવરાત્રિનો નવમો દિવસ માતા સિદ્ધિદાત્રીને સમર્પિત છે. એવી માન્યતા છે કે જ્યારે કોઈ માતાના આ રૂપની આરાધના કરે છે કે તેને તમામ પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. માતા સિદ્ધિદાત્રી કમળનાં ફૂલ પર બિરાજમાન છે.

જીએસટી ઘટતાં બરોડા ડેરીની વિવિધ પ્રોડક્ટના ભાવ ઘટ્યા

બરોડા ડેરી દ્વારા ઘી, પનીર અને આઈસક્રીમના ભાવો ઘટાડાયા

વડોદરા, તા. ૨૧

કેન્દ્ર સરકાર દ્વારા જીએસટીમાં ઘટાડો નોંધવામાં આવ્યો છે જેના પગલે બરોડા ડેરી દ્વારા પણ ઘી, પનીર અને આઈસ્ક્રીમના ભાવોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ઘીમાં પ્રતિ કિલો ૪૦ અને પનીરમાં પ્રતિ કિલો ૧૫નો ભાવ ઘટાડો કરવામાં આવ્યો છે. આ ભાવ ઘટાડો આજથી જ લાગુ પડી જશે.

ઘીમાં ૪૦ રૂપિયા અને પનીરમાં ૧૫ રૂપિયા પ્રતિકિલો ઓછા થયા

કેન્દ્ર સરકાર દ્વારા જીએસટીના દરોમાં ઘટાડો કરવામાં આવ્યો છે જેના પગલે દૂધ પ્રોડક્ટ્સમાં પણ ભાવોમાં ઘટાડો થયો છે. બરોડા ડેરી દ્વારા આવતીકાલથી નવા દરો પ્રમાણે વિવિધ પ્રોડક્ટ્સનું વેચાણ કરવામાં આવશે. બરોડા ડેરીના સંચાલકોના જણાવ્યા અનુસાર આવતીકાલથી ઘીમાં પ્રતિ કિલો રૂ. ૪૦, પનીરમાં પ્રતિ કિલો રૂ. ૧૫, આઈસ્ક્રીમમાં પ્રતિ લીટર રૂ. ૧૬ થી ૨૦ અને આઈસ્ક્રીમના કપમાં રૂ. ૨ થી ૩ નો ઘટાડો કરવામાં આવ્યો છે. આ ઘટાડો આવતીકાલ એટલે કે તા. ૨૨ સપ્ટેમ્બરથી લાગુ કરી દેવામાં આવશે. બરોડા ડેરીના સંચાલકોના જણાવ્યા અનુસાર નવા ભાવો તમામ વિક્રેતાઓને મોકલી આપવામાં આવ્યા છે આ ઉપરાંત બરોડા ડેરીની વેબસાઈટ ઉપરથી પણ નવા ભાવો જાણી શકાશે. કેન્દ્ર સરકાર દ્વારા જીએસટીમાં ઘટાડાનો નિર્ણય લેવાયા બાદ બરોડા ડેરીએ ઝડપથી આ ભાવ ઘટાડાનો લાભ ગ્રાહકો સુધી પહોંચાડવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયથી દૂધ પ્રોડક્ટ્સ વધુ સસ્તી અને સુલભ બનશે, જેનાથી લોકોની ખરીદ શક્તિ વધશે તેવી અપેક્ષા છે. આ જાહેરાત બાદ ગ્રાહકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

રવિવારની ખુશનૂમા સવારમાં હજારો યુવાઓ જોડાયા

વડાપ્રધાનના જન્મ દિવસ નિમિત્તે યુવા ભાજપ દ્વારા નમો યુવા રનનું આયોજન

શિક્ષણમંત્રીએ પ્રસ્થાન કરાવ્યું, સાંસદ યુવાઓ સાથે ૫ કિમી દોડયા

વડોદરા, તા. ૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસ નિમિત્તે વડોદરા શહેર યુવા ભાજપ દ્વારા નમો યુવા રનનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના સયાજીબાગ ખાતેથી આ દોડ શરુ થઈ હતી જે મુખ્ય માર્ગો ઉપર ફરી હતી. આ દોડમાં મોટી સંખ્યામાં વડોદરાવાસીઓ જોડાયા હતા. યુવ રનનું પ્રસ્થાન શિક્ષણમંત્રી દ્વારા કરાવવામાં આવ્યું હતું. આ દોડમાં વડોદરાના યુવા સાંસદ ડો. હેમાંગ જોષીએ અન્ય યુવાનો સાથે ૫ કિમીની દોડ પુરી કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે, શહેર યુવા ભાજપ દ્વારા એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આજે રવિવારે સવારે નમો યુવા રનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દોડમાં વડોદરા શહેરના હજારો યુવાઓ દોડયા હતા.આ દોડનો મુખ્ય હેતુ યુવાનોમાં દેશભક્તિ અને ફિટનેસ પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો છે. સ્વસ્થ ગુજરાત અને નશામુક્ત ગુજરાતના નારા સાથે વિવિધ સ્થળોએ આ દોડ યોજવામાં આવી હતી. સવારે વરસાદ વરસવા છતાં આ દોડ યથાવત રાખવામાં આવી હતી. દોડનું પ્રસ્થાન શિક્ષણમંત્રી કુબેર ડિંડોરે કરાવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ ડો. જયપ્રકાશ સોની, સાંસદ ડો. હેમાંગ જોષી, દંડક બાલકૃષ્ણ શુક્લ, ધારાસભ્ય કેયુર રોકડીયા, પૂર્વ શહેર પ્રમુખ ડો. વિજય શાહ, યુવા પ્રમુખ સહિતના આગેવાનો જોડાયા હતા. સાંસદ ડો. હેમાંગ જોષી યુવાઓ સાથે દોડયા હતા અને તેઓએ ૫ કીમીની દોડ પૂર્ણ કરી હતી.

એજીએમની ચૂંટણી ૨૮મી સપ્ટેમ્બરના રોજ યોજાશે

બીસીએની ચૂંટણી અંગે આજે સુપ્રીમમાં સુનાવણી હાથ ધરાશે

વડોદરા, તા.૨૧

બીસીએની ચૂંટણી ક્યારે કરવી તે અંગે બીસીએ દ્વારા માર્ગદર્શન સુપ્રીમ કોર્ટ દ્વારા માંગવામાં આવ્યું છે જે અંગેની સુનાવણી સોમવારે ૨૨મી સપ્ટેમ્બરના રોજ થનાર છે.જો કે બીસીસીઆઈ દ્વારા તેની એજીએમ અને ચૂંટણી ૨૮મી સપ્ટેમ્બરના રોજ કરવાનું નક્કી કરેલું છે.મજાની વાત તો એ છે કે બીસીએ સિવાય દેશના ૩૫ પૈકી એકેય એસોસીયેશન માર્ગદર્શન માટે કોર્ટમાં ગયુ નથી.

બરોડા ક્રિકેટ એસોસિયેશનની એપેક્સ કાઉન્સિલની મહત્વપૂર્ણ બેઠક ગત વખતે યોજાઈ હતી. આ બેઠકમાં મુખ્યત્વે વહીવટી મુદ્દાઓ અને ક્રિકેટ સંબંધિત વિવિધ કારોબારી બાબતો પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન સુપ્રીમ કોર્ટ સમક્ષ પ્રસ્તુત કરવાના મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવી હતી, ખાસ કરીને કાઉન્સિલના સભ્યોની શરતો અંગે સ્પષ્ટતા મેળવવા અને તેના માટે નિર્દેશ મેળવવા અંગેનો મુદ્દો કેન્દ્રસ્થાને રહ્યો હતો. આ સંબંધિત અરજીની સુનાવણી આવતીકાલે તા. ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સુપ્રીમ કોર્ટમાં યોજાવાની છે. કોર્ટના અંતિમ ચુકાદા પછી જ એપેક્સ કાઉન્સિલ આગામી વાર્ષિક સામાન્ય સભાના કાર્યક્રમ અને સમયપત્રક નક્કી કરશે.ક્રિકેટ એસોસિયેશનના આંતરિક વહીવટ, ભવિષ્યની યોજના અને આવનારા સીઝન માટેના માર્ગદર્શનમાં કોર્ટના નિર્ણયને અત્યંત મહત્વપૂર્ણ ગણાવવામાં આવી રહ્યો છે. સભ્યો માને છે કે કોર્ટ તરફથી સ્પષ્ટતા મળી ગયા બાદ જ તમામ બાબતો પર અંતિમ નિર્ણય લેવાશે.આ બેઠકને લઈને સભ્યોમાં ચર્ચા-વિચારણા તો ઊંડાણપૂર્વક થઈ, પરંતુ અંતિમ નિર્ણય માટે કોર્ટના આદેશની રાહ જોવાની સંમતિ આપવામાં આવી છે.

૨૦૨૪માં રૂા.૪૦ લાખનો વીજવપરાશ : ૨૦૨૫માં રૂા.૩૦ લાખનો વીજવપરાશ થશે

જનરેટરનો ઉપયોગ વધતાં નવરાત્રિમાં હંગામી વીજજોડાણોની સંખ્યામાં ઘટાડો

વડોદરા, તા.૨૧

શહેરમાં નવરાત્રી પર્વનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ચૂક્યું છે. સોમવારથી વડોદરા નવ દિવસ માટે ગરબામય બની જશે. શહેરભરના નાના-મોટા ગરબા મેદાનોમાં પ્રકાશનો ઝગમગાટ જળવાઈ રહે તે માટે વીજળીની ભારે માંગ ઊભી થવાની છે. અંદાજ પ્રમાણે, આ નવ દિવસ દરમિયાન ગરબા મેદાનો પર લગભગ ૨ લાખ યુનિટ જેટલી વીજળીનો વપરાશ થવાનો છે.એટલે કે નવ દિવસમાં રૂ.૩૦ લાખની વીજળીનો વપરાશે થશે.

વીજ કંપનીના સૂત્રો મુજબ, મોટા અને મધ્યમકદના ગરબા આયોજકો ટેમ્પરરી વીજ જોડાણ માટે અરજી કરતા હોય છે. અરજી સાથે જરૂરી દસ્તાવેજોની ચકાસણી તથા સાઈટ ઈન્સ્પેકશન કર્યા બાદ જ જોડાણ માટે મંજૂરી આપવામાં આવે છે. દરેક ટેમ્પરરી જોડાણ માટે આગોતરા ડિપોઝિટ પણ લેવામાં આવે છે. આ વર્ષે ગરબા માટે આયોજકોને ટેમ્પરરી જોડાણ આપવામાં આવ્યા છે, જેની કુલ ક્ષમતા આશરે ૨૫૦૦ કિલોવોટ જેટલી ગણાય છે.ગરબા માટે ૨૨ કેવીના હંગામી જોડાણો ૫૧ વિસ્તારમાં અપાયા છે,૫૧ વિસ્તારમાં ૭૦૦ જેટલા ગરબા યોજાશે.

ગરબા મેદાનોમાં રોજના સરેરાશ ૧૩ કલાક વીજ વપરાશ થશે એવું અનુમાન છે. આ મુજબ નવ દિવસના કુલ મેળાવડામાં લગભગ બે લાખ યુનિટ વીજળીનો વપરાશ થશે. જો હંગામી જોડાણના ફિક્સડ ચાર્જ, એનર્જી ચાર્જ, જોડાણ આપવાનો ખર્ચ, મજૂરી ખર્ચ અને અન્ય ખર્ચાઓની ગણતરી કરવામાં આવે તો, ગરબા આયોજકોને કુલ મળીને આશરે ૩૦ લાખ રૂપિયાનું વીજ બિલ ભરવું પડશે.મળતી માહિતી મુજબ, ગત વર્ષે ૭૦ જેટલા ટેમ્પરરી જોડાણો અપાયા હતા, જ્યારે આ વર્ષે જનરેટરનો ઉપયોગ વધી જતાં જોડાણોની માંગ ઘટી છે.

વીજ સપ્લાય ખોરવાય નહીં તે માટે આ વખતે ઘણા મોટા ગરબા મેદાનો પર બેકઅપ રૂપે જનરેટરોની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.નવરાત્રી મહોત્સવના તહેવારી માહોલ વચ્ચે વીજળીની પૂરતી ઉપલબ્ધતા અને અવિરત સપ્લાય જળવાઈ રહે તે માટે વીજ કંપની અને આયોજકો બંને તરફથી પૂરતી તૈયારી કરવામાં આવી છે.

વાઘોડિયાના ઉમરવા ગામે ૧.૩૮ લાખની મતાની ચોરી

વડોદરા, તા.૨૧

વાઘોડિયા તાલુકાના ઉમરવા ગામમાં મકાનની બારીની ગ્રીલ તોડીને તસકરો રૂા.૧.૩૮ લાખની મતા લઇ ગયા હતો.બનાવના સંબંધમાં વાઘોડિયા પોલીસે ગહન તપાસ હાથ ધરી છે.પોલીસ સૂત્રો મુજબ ઉમરવા ગામમાં ઘરમાં ઘરફોડ ચોરીનો બનાવ તા. ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ સવારે ૦૦:૧૦ કલાકથી સવારે ૦૭:૦૦ કલાકના સમયગાળામાં બન્યો હતો. અજાણ્યા ચોરોએ ફરિયાદીના મકાનની બારીની ગ્રીલ તોડી ઘરમાં પ્રવેશ કર્યો અને તિજોરી ખોલીને તેમાં રાખેલા સોનાના દાગીનાં ચોરી ગયા હતા. નેત્રપાલસિંગ અત્તરસિંગ(ઉ.વ. ૩૫, ગોલ્ડન વેલી-૨, ઉમરવા, વાઘોડીયા,)એ ફરિયાદમાં જણાવ્યું છે કે વડોદરા જણાવે છે કે ચોરીમાં કુલ સોનાનું વજન ૧૭.૧૫૯ ગ્રામ હતું અને આ દાગીનાની કિંમત રૂ. ૧,૩૮,૦૮૩ હતી. ચોરીમાં જે વસ્તુઓ ગાયબ થઈ હતી.

વડોદરાનાં બે સિંગર ભરૂચમાં ખેલૈયાઓને ગરબે ઘૂમાવશે

વડોદરા, તા.૨૧

ગુજરાતની સંસ્કૃતિ અને ગુજરાતી લોકકલાનાં ધરોહર સમાન નવરાત્રિનો ઉત્સવ અને ગરબાની ખ્યાતિ દેશ વિદેશ સુધી પહોંચી છે. નવરાત્રિ ધાર્મિકની સાથે સાથે ગુજરાતનો સાંસ્કૃતિક વારસો પણ ગણાય છે. વડોદરાની નવરાત્રિ અને ગરબાની રમઝટ માત્ર ગુજરાતમાં જ નહીં પરંતુ દેશનાં અન્ય રાજ્યો તેમજ અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, દુબઈ જેવા દેશોમાં પણ ધૂમ મચાવે છે. વડોદરાનાં બે કલાકારો નર્મદા તટે આવેલાં ભરૂચ શહેરમાં વર્ષોથી રમઝટ બોલાવે છે. કતાર, આફ્રિકા, વડોદરા, અંકલેશ્વર, ભરૂચમાં ખેલૈયાઓને ગરબે ઘુમાવનાર વડોદરાનાં ગાયક વૈભવ કુર્પેને ૨૫ વર્ષથી ગરબા ક્ષેત્રે સક્રિય છે. ખૂબ નાની વયે સંગીતની તાલીમ મેળવનાર વૈભવ કુર્પે છેલ્લા ૧૦ વર્ષથી પોતાના મધુર કંઠે લીડસિંગર તરીકે ભરુચનાં પટેલ ભૃગુપુર ગરબા ગ્રાઉન્ડ ખાતે પાર્શ્વ ગાયિકા વિભાવરી યાદવ સાથે આ વર્ષે પણ ખેલૈયાઓને ગરબે ઘુમાવી સવર્શ્રેષ્ઠ પર્ફોર્મન્સ આપવા તૈયાર છે. વિભાવરી યાદવે પણ દેશ વિદેશમાં પોતાના અવાજથી આગવી ઓળખ ઉભી કરી છે.

મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે એવોર્ડ એનાયત કરાયો

વડોદરાના કલાકાર ચેતન ધાનાણીને ફિલ્મ કર્મ માટે બેસ્ટ એક્ટરનો એવોર્ડ

બેસ્ટ અભિનેત્રી તરીકે બિન્દ્રા ત્રિવેદીના નામની જાહેરાત

વડોદરા, તા. ૨૧

ગુજરાતી ફિલ્મોની ગુણવત્તામાં સુધારો થાય અને તેમને વધુ પ્રોત્સાહન મળે તે હેતુસર, ગુજરાત સરકાર દ્વારા ગુણવત્તા સમન્વિત પ્રોત્સાહન નીતિ-૨૦૧૯ હેઠળ દર વર્ષે કલાકાર અને કસબીઓને વિવિધ એવોર્ડ્સ એનાયત કરવામાં આવે છે. આ નીતિ અંતર્ગત, વર્ષ ૨૦૨૩ના સમયગાળા દરમિયાન થિયેટરમાં રિલીઝ થયેલી ગુજરાતી ફિલ્મો માટે એવોર્ડ્સની જાહેરાત કરવામાં આવી છે. જેમાં વડોદરાના કલાકાર ચેતન ધાનાણીને ફિલ્મ કર્મ માટે બેસ્ટ એક્ટરનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. તો બેસ્ટ અભિનેત્રીનો એવોર્ડ બિન્દ્રા ત્રિવેદીની પસંદગી કરવામાં આવી છે.

સરકાર દ્વારા કુલ ૪૬ કેટેગરીમાંથી ૪૦ કેટેગરીમાં પ્રોત્સાહક રોકડ રકમ અને પારિતોષિકો જાહેર કરવામાં આવ્યા છે. આ એવોર્ડ્સ ગુજરાતી ફિલ્મ ઉદ્યોગના કલાકારો, ટેકનિશિયનો અને અન્ય કસબીઓને તેમના ઉત્કૃષ્ટ કાર્ય બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં બેસ્ટ એક્ટરનો એવોર્ડ મૂળ વડોદરાના અને અનેક ગુજરાતી ફિલ્મોમાં અભિનય થકી લોકોના દિલમાં રાજ કરનાર ચેતન ધાનાણીને બેસ્ટ એક્ટરનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ચેતન ધાનાણીને ફિલ્મ કર્મ માટે આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. સન્માન સમારંભમાં ગુજરાતના મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેઓના હસ્તે અભિનેતાનું સન્માન કરવામાં આવ્યું હતું.

સનાતન-સ્વદેશી-સંસ્કૃતિની થીમ ઉપર સારા નવરાત્રિ મહોત્સવ ૨૦૨૫ ઉજવાશે

વડોદરા, તા.૨૧

શહેરના સનફાર્મા રોડ ખાતેની ૧૪૦ જેટલી સોસાયટીના રહિશો દ્વારા સારા ફાઉન્ડેશનના નેજા હેઠળ આયોજિત કરાતા સારા નવરાત્રિ મહોત્સવનું આ નવમું વર્ષ છે. જેથી આ વર્ષે સનાતન - સ્વદેશી - સંસ્કૃતિની થીમ ઉપર ૧૫ હજારથી વધારે ખેલૈયાઓ ગરબે ઘૂમી શકે તેવું સુંદર આયોજન કરાયું છે.જે વિશે માહિતી આપતા સારા ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટ અનિલસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, સ્વ - રાગ ગ્રૂપના જયરાજ જોષી, લિપિ રાઠોડ અને સરસ્વતી દૂધરેજીયાના કંઠે ખેલૈયાઓ માતાજીની આરાધના કરી શકે તેવું આયોજન કરાયું છે. આ વર્ષે મહોત્સવનો મુખ્ય પ્રવેશ દ્વારા ૬૦ બાય ૪૦ ફૂટનો બનાવાયો છે.

વિવિધ સરકારી વીજ કંપનીઓમાં હવે આંતરિક બદલીનો રસ્તો ખૂલ્લો : સરકારે મંજૂરી આપી

વડોદરા, તા.૨૧

કર્મચારીઓ વચ્ચેની કંપની મ્યુચ્યુઅલ અને વિનંતી ટ્રાન્સફર નીતિને રાજ્ય સરકારે મંજૂરી આપી છે અને આ અંગે એક પરિપત્ર બહાર પાડયો છે, જેના પગલે રાજયની વિવિધ સરકારી કંપનીઓમાં ખુશીની લહેર વ્યાપી છે.

વીજ કંપનીના સૂત્રો મુજબ આ અંગેનો એક પત્ર ગત ૧૯મી સપ્ટેમ્બરના રોજ રાજયની વિવિધ વીજ કંપનીઓને પાઠવવામાં આવ્યો છે.પત્રમાં જણાવાયું છે કે કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી,ડિસ્કોમમાં કામ કરતા કર્મચારીઓ માટે કર્મચારીઓ વચ્ચેની કંપની મ્યુચ્યુઅલ અને વિનંતી ટ્રાન્સફર નીતિના અમલીકરણ માટે મંજૂરી આપી છે.વધુમાં, સરકારે નિર્ણય લીધો છે કે ૨૦૧૮થી૨૦૨૨ સુધી પહેલાથી જ ટ્રાન્સફર કરાયેલા કર્મચારીઓ માટે ઉચ્ચ ગ્રેડ પે સ્કેલ હેઠળ લાભો માટે સેવાની લંબાઈ ગણવા માટે કર્મચારીઓની ભૂતકાળની સેવાનો સમયગાળો ધ્યાનમાં લેવામાં આવશે અને આ નીતિ હેઠળ ટ્રાન્સફર કરવામાં આવશે.આ અંગે જરૂરી કાર્યવાહી કરવા માટે પણ પત્રમાં જણાવાયું છે.અગાઉ આ અંગેનું પોર્ટલ મર્યાદીત સમય માટે ખુલું રહેતું હતું પણ સરકારના ઉકત નિર્ણયના કારણે આખા વરસ દરમિયાન આ પોર્ટલ ખુલું રહેશે. ૨૦૧૮થી શરુ થયેલા પોર્ટલમાં ૪૦૦૦ અરજી આવી હતી તે પૈકી હાલ એક હજાર જેટલી પેન્ડીંગ છે.જેનો હવે ઝડપથી નિકાલ થશે.

નોંધનીય છે કે અગાઉ ગુજરાત ઈલેકટ્રિસીટી એમ્પ્લોઈઝ યુનિયને રજૂઆત કરી હતી. જેને આધારે સરકારે રજુઆતને ધ્યાને રાખી આંતરિક બદલીઓને મંજૂરી આપી છે. જેને યુનિયને આવકારી છે.

વડોદરા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
BARODA DAIRY ISO-9001-2015 ISO-14001-2015 ISO-22000-2018
બરોડા ડેરી, મકરપુરા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૯ વિશ્વસનિય સ્વાદ

અખબારી યાદી

આથી બરોડા ડેરીના માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે ભારત સરકાર દ્વારા GST 2.0 અંતર્ગત ઘટાડેલ દરો મુજબની વિવિધ પ્રોડકટસ્‌ની ઘટાડેલ MRP **નો અમલ તા. ૨૨/૦૯/૨૦૨૫ થી શરૂ થશે.** વિવિધ પ્રોડકટસ્‌ની નવી MRP ની યાદી બરોડા ડેરીના તમામ વિક્રેતાઓને મોકલી આપેલ છે તેમજ સંઘની વેબ સાઈટ www.barodadairy.in ઉપર પણ ઉપલબ્ધ છે. પ્રોડકટસના પેકીંગ ઉપર જુની MRP છપાયેલ હશે **તો પણ ગ્રાહકોએ નવી ઘટાડેલ MRP** જ ચૂકવવાની રહેશે તેની નમ્ર નોંધ લેશોજી.

મેનેજીંગ ડીરેકટર

GNFC

ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ
રજીસ્ટર્ડ ઓફિસ: પો.ઓ. નર્મદાનગર - ૩૯૨૦૧૫, જિલ્લો ભરૂચ, ગુજરાત, ભારત.
CIN: L24110GJ1976PLC002903, ટેલિફોન નં. (02642) 247084,
E-mail: investor@gnfc.in Website: www.gnfc.in

ફીઝીકલ (ભૌતિક) શેરધારકોને નોટીસ - ફીઝીકલ (ભૌતિક) શેરનાં ટ્રાન્સફર ડીડના માત્ર પુનઃ નોંધણી માટે ખાસ વિન્ડો

સેબીના પરિપત્ર ક્રમાંક SEBI/HO/MIRSD/MIRSD-PoD/P/CIR/2025/97 તા. જુલાઈ ૦૨, ૨૦૨૫ અનુસાર, સેબીએ જુલાઈ ૦૭, ૨૦૨૫ થી જાન્યુઆરી ૦૬, ૨૦૨૬ સુધી એટલે કે ૦૬ મહિનાના સમયગાળા માટે એક ખાસ વિન્ડો ખોલવાનો નિર્ણય લીધો છે જેથી માત્ર ફીઝીકલ (ભૌતિક) શેરધારકો દ્વારા ટ્રાન્સફર ડીડના ફરીથી લોજિંગ માટે જ અરજી કરી શકાશે જે એપ્રિલ ૦૧, ૨૦૧૯ની અંતિમ તારીખ પહેલાં દાખલ કરવામાં આવ્યા હતા અને દસ્તાવેજોમાં ખામીઓને કારણે નકારવામાં/પરત મોકલવામાં આવ્યા હતાં. એપ્રિલ ૦૧, ૨૦૧૯ની અંતિમ તારીખ પછી ફાઈલ કરવામાં આવેલા અને કંપની દ્વારા નકારવામાં આવેલા કોઈપણ ટ્રાન્સફર ડીડ કંપની દ્વારા સ્વીકારવામાં આવશે નહી.

તદ્અનુસાર, સેબીના પરિપત્રનું પાલન કરતા, ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડનાં યોગ્ય (eligible) ફીઝીકલ (ભૌતિક) શેરધારકોને જાન્યુઆરી ૦૬, ૨૦૨૬ ના રોજ અથવા તે પહેલાં શેરના ટ્રાન્સફર માટે શેર ટ્રાન્સફર ડીડ ફરીથી લોજ (દાખલ) કરવા માટે સૂચના આપવામાં આવે છે અને ટ્રાન્સફર માટે ફરીથી લોજ (દાખલ) કરાયેલા શેર્સ સેબી દ્વારા નિર્ધારિત યોગ્ય પ્રક્રિયાને અનુસરીને જ ડિમટીરિયલાઇઝ્ડ સ્વરૂપમાં પ્રક્રિયા કરવામાં આવશે.

યોગ્ય શેરધારકોને જરૂરી દસ્તાવેજો સાથે તેમની ટ્રાન્સફરની વિનંતીઓ કંપની રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (R&TA) ને KFIN ટેક્નોલોજીસ લિમિટેડ, યુનિટ ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ, સેલેનિયમ બિલ્ડીંગ, ટાવર-બી, પ્લોટ નં. ૩૧ અને ૩૨, ફાઈનાન્સિયલ ડિસ્ટ્રિક્ટ, નાનકરામગુડા, હૈદરાબાદ - ૫૦૦૦૩૨ ઉપર મોકલી શકે છે અથવા einward.ris@kfintech.com પર ઈ-મેલ કરી શકે છે.

ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ વતી,

સ્થળ: ભરૂચ | રાજેશ પિલ્લઈ
તારીખ: 22મી સપ્ટેમ્બર, 2025 | કંપની સેક્રેટરી

GNFC

Gujarat Narmada Valley Fertilizers and Chemicals Limited
Regd. Office: P.O.Narmadanagar - 392015, Dist.: Bharuch (Gujarat), INDIA
CIN: L24110GJ1976PLC002903, Tel: 02642 247001, 247002,
E-Mail: investor@gnfc.in Website: www.gnfc.in

NOTICE

100 DAYS CAMPAIGN - "SAKSHAM NIVESHAK"

Notice is hereby given to the shareholders of Gujarat Narmada Valley Fertilizers & Chemicals Limited ("the Company") that IEPFA & MCA via its intimation dated July 16, 2025 requested the companies to launch a 100 days campaign "Saksham Niveshak", to reach out to shareholders whose dividend remain unpaid/unclaimed and whose Know Your Customer (KYC) and other details have not been updated.

In line with this initiative and even prior to the issuance of this intimation, the Company has sent communication dated May 27, 2023, July 23, 2024 and July 29, 2025 requesting shareholder to update their KYC details. Most recently, on September 1, 2025 the Company sent letters to the shareholders whose unpaid/unclaimed dividend and corresponding shares related to FY 2017-18 are due for transfer to IEPF.

Details of unpaid/unclaimed dividend lying with the company are available on-https://www.gnfc.in/wp-content/uploads/2025/07/Div-Shares-tr-to-IPEF-2025.pdf

Shareholders are requested to update their KYC details (viz., PAN, Bank account details, contact details, choice of nomination, specimen signature) by following the procedure mentioned-below:

For shares held in physical form – Submit Investor Service Request Forms (ISR-1, ISR-2, ISR-3 or SH-13) along with the self-attested copies of supporting documents, through any of the following modes:

- By post: Send physical copies duly self-attested to the RTA of the Company i.e., KFin Technologies Limited (Unit : Gujarat Narmada Valley Fertilizers & Chemicals Limited), Selenium Tower-B, Plot No.31 & 32, Gachibowli, Financial District, Nanakramguda, Serilingampally, Hyderabad – 500 032, Telangana.
OR;
- By E-mail: From your registered e-mail ID, with signed documents [first joint holder must sign in case of joint holdings] to: einward.ris@kfintech.com

For shares held in dematerialised form - Update the KYC details with their respective Depository Participant (DP) and submit the self-attested copy of the updated Client Master List to Company's RTA.

Investors can also download the following Forms which are also uploaded on the website of the Company https://www.gnfc.in/useful-forms/ and on the website of RTA https://ris.kfintech.com/clientservices/isc/isrforms.aspx

We urge all shareholders to take the advantage of this opportunity and submit the necessary documents before November 6, 2025 to avoid any future transfer of unpaid or unclaimed dividends to the IEPF.

For GUJARAT NARMADA VALLEY FERTILIZERS & CHEMICALS LIMITED

Sd/-
Rajesh Pillai
Company Secretary & Compliance Officer

Place : Bharuch
Date : September 22, 2025

यूनियन बैंक Union Bank of India

યુનિયન બેંક ઓફ ઈન્ડિયા -પોર શાખા (૧૫૮૨૨)
બોમ્બે હાઉસિંગ, ડી.નં.૯, કાયાવરોહણ રોડ,
પોર-૩૯૧૨૪૩, વડોદરા તાલુક, જિલ્લો વડોદરા

પરિષ્ઠ-૪ [નિયમ ૮ (૧)] **કબજા અંગેની નોટિસ** (સ્થાવર મિલ્કત માટે)

આથી નીચે સહી કરનાર **યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, પોર શાખા (૧૫૮૨૨)** ના અધિકૃત અધિકારી તરીકે, ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (બીજો) એક્ટ ૨૦૦૨ (એક્ટ નં. ૫૪ નો ૨૦૦૨) હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વાંચતા કલમ ૧૩(૧૨) હેઠળ પ્રાપ્ત અધિકારોની રૂઈએ કરજદાર એટલે કે **૧. શ્રી જયંતિભાઈ કાંતિભાઈ પટેલ અને ૨. શ્રીમતી ગીતાબેન જયંતિભાઈ પટેલ** ને તારીખ **૦૬.૦૬.૨૦૨૫ નારોજ ડીમાન્ડ નોટીસ** પાઠવીને નોટિસમાં દર્શાવિલ રકમ **રૂા.૩,૯૨,૪૫૮.૦૦ (રૂપિયા ત્રણ લાખ બાણુ હજાર ચારસો અઠ્ઠાવન પુરા)** આ નોટિસ મળ્યાના ૬૦ દિવસમાં ભરપાઈ કરવા જણાવવામાં આવેલ.

કરજદારો રકમ ચુકતે કરવામાં નિષ્ફળ ગયા હોય, આથી કરજદારો તથા જાહેર જનતાને નોટીસ દ્વારા જણાવવામાં આવે છે કે નીચે સહી કરનારે ઉપરોકત અધિનીયમ ના ઠરાવ ૮ સાથે વાંચતા કલમ ૧૩(૪) અન્વયે તેને/તેણીને પ્રાપ્ત અધિકારોની રૂઈએ નીચે દર્શાવિલ વિસ્તૃત વર્ણન મુજબની મિલ્કતનો કબજો તારીખ **૧૬.૦૯.૨૦૨૫** રોજ લઈ લીધેલ છે.

કરજદારો તથા જાહેર જનતાને સદર મિલ્કત સંદર્ભે કોઈપણ પ્રકારનો વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે. તેમજ સદર વ્યવહાર **યુનીયન બેંક ઓફ ઈન્ડીયા** ની લેણી રકમ **રૂા.૩,૯૨,૪૫૮.૦૦ (રૂપિયા ત્રણ લાખ બાણુ હજાર ચારસો અઠ્ઠાવન પુરા)** અને તેના પરનું વ્યાજ.

અહિં કરજદારો નુ ધ્યાન દોરવામાં આવે છે કે ઉપરોકત અધિનીયમની કલમ ૧૩ની પેટા કલમ (૮) હેઠળ જણાવેલ સમય મર્યાદામાં તમો તમારી સુરક્ષિત મિલ્કતોને બાકી લેણાં ભરપાઈ કરીને પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલ્કતનું વર્ણન

રજીસ્ટ્રેશન જીલ્લો અને સબ–જીલ્લો વડોદરા મોજે ગામ પોર, જમીન નો રેવન્યુ સર્વે નં. ૫૭૦, બ્લોક નં. ૬૭૬, ક્ષેત્રફળ ૧૧૧૨૯ ચોરસ મીટર જે ઘર ની સ્કીમ 'જલારામ ટાઉનશીપ' નું આયોજન કરવામાં આવ્યું છે અને બાંધકામ જ્યાં દક્ષિણ બાજુનો ખુલ્લો પ્લોટ, ક્ષેત્રફળ ૬૦૦૦ ચોરસ મીચર પૈકી ૪૬૬૩ ચોરસ મીટર જ્યાં 'વ્રજભૂમિ ટેનામેન્ટ્સ' નામની આવાસ યોજનાનું આયોજન કરવામાં આવે છે અને બાંધકામ, જ્યાં પ્લોટ/બ્લોક નં. ૪ ક્ષેત્રફળ ૮૦.૨૯ ચોરસ મીટર બિલ્ટઅપ એરીયા અને ૩૩.૫૮ ચોરસ મીટર અવિભાજીત હિસ્સો કોમન જમીન=૧૧૩.૮૭ ચોરસ મીટર બાંધકામ ક્ષેત્રફળ ૪૩.૫૦ ચોરસ મીટર અસ્તિત્વમાં આવેલ તે જલારામ ટાઉનશીપ, સરસ્વતી વિધ્યામંદિર, કારવણ રોડ, પોર, જીલ્લો વડોદરા ખાતે આવેલ છે. ચતુર્સીમાઃ પૂર્વઃ પ્લોટ નં. ૦૫, વ્રજભૂમિ ટેનામેન્ટ્સ, પશ્ચિમઃ– પ્લોટ નં. ૦૩, વ્રજભૂમિ ટેનામેન્ટ્સ, ઉત્તરઃ– સોસાયટી રોડ અને કોમન પ્લોટ, દક્ષિણઃ– બ્લોક નં. ૬૭૭.

તા.: ૧૬.૦૯.૨૦૨૫ | નોંધઃ વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે. | અધિકૃત અધિકારી
સ્થળ: વડોદરા | | યુનિયન બેંક ઓફ ઈન્ડિયા